GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ તેરસ શનિવાર ૨૭ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૯

પાનાં ૧૦+ ૧૨ કિંમત ₹ ૫.૦૦


# હોર્મુઝમાં ડ્રોન હુમલા બાદ ટ્રમ્પ લાલચોળ

**યુએસ**-ઇરાન કરાર જોખમમાં

**ઇરાને** ચાર ડ્રોન છોડ્યા, ત્રણ અમેરિકાએ તોડી પાડ્યા, એક જહાજ સાથે અથડાયું: ટ્રમ્પનો આક્ષેપ

**અમેરિકી** પ્રમુખે આને યુદ્ધવિરામનું મૂર્ખતાપૂર્ણ ઉલ્લંઘન ગણાવ્યું

**હોર્મુઝના** અખાતમાં ફસાયેલા જહાજો બહાર કાઢવાની કામગીરી હાલ અટકાવી દેવાઇ

વોશિંગ્ટન, તા. ૨૬: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે હોર્મુઝની સામુદ્રધુનીમાં માલવાહક જહાજ પર ડ્રોન હુમલો કરવા બદલ ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે, અને તેને અમેરિકા સાથેના યુદ્ધવિરામ કરારનું મૂર્ખતાપૂર્ણ ઉલ્લંઘન ગણાવ્યું છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે એક ડ્રોન જહાજની ઉપરની ડેક પર અથડાયું હતું અને નુકસાન થયું હતું, પરંતુ જહાજ આગળ વધવામાં સક્ષમ હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે અમેરિકાએ અન્ય ત્રણ ડ્રોનને તોડી પાડ્યા હતા. જાનહાનિના કોઈ અહેવાલ નથી. સોશિયલ મીડિયા પરની તેમની પોસ્ટમાં જહાજની ઓળખ કે હુમલાના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, પરંતુ ગુરુવારે બ્રિટિશ સૈન્યએ જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠાની બહાર એક જહાજ પર પ્રોજેક્ટાઈલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના અમેરિકા અને ઈરાન માટે એક નાજુક સમયે સામે આવી છે, કારણ કે તેઓ યુદ્ધનો કાયમી અંત લાવવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર ઓછામાં ઓછા ચાર વન-વે ડ્રોન છોડ્યા હતા. પ્રમુખે લખ્યું, "ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થઈ રહેલા જહાજો પર ઓછામાં ઓછા ચાર વન-વે એટેક ડ્રોન છોડ્યા હતા. તેમાંથી એક ડ્રોન એક મોટા અને ખૂબ જ કિંમતી માલવાહક જહાજના ઉપરના ડેક સાથે જોરદાર રીતે અથડાયું હતું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ અન્ય ત્રણ ડ્રોનને તોડી પાડ્યા હતા. તેમણે કહ્યું, નુકસાન થયું હતું, પરંતુ જહાજ પોતાના માર્ગ પર આગળ વધવામાં સક્ષમ હતું. અમે અન્ય ત્રણ ડ્રોનને તોડી પાડ્યા છે. સ્વાભાવિક રીતે, આ અમારા યુદ્ધવિરામ કરારનું મૂર્ખતાપૂર્ણ ઉલ્લંઘન છે. આ હુમલા પછી હોર્મુઝની ખાડીમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવાની કામગીરી આંતરરાષ્ટ્રીય વહાણવટા સંગઠને અટકાવી દીધી હતી.

શિપિંગ વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ડ્રોન હુમલાને કારણે ગલ્ફમાંથી આખરે બહાર નીકળી રહેલા ફસાયેલા જહાજોના વધતા પ્રવાહ અને ક્રૂડ ઓઈલ લઈ જતા ટેન્કરોના વધતા જતા ટ્રાફિક પર સંકટના વાદળો ઘેરાયા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં વ્યાપારી આત્મવિશ્વાસ વધવાના એક સપ્તાહ બાદ આ પ્રથમ મોટી કસોટી આવી છે, દરિયાઈ ડેટા કંપની 'વિન્ડવર્ડ' એ X પર જણાવ્યું હતું. તેણે ઉમેર્યું કે, આ ઘટના પછી પણ 43 જહાજોની અવરજવર નોંધાવા સાથે આ સામુદ્રધુની કાર્યકારી રીતે

...અનુસંધાન પાના 8 પર

## ઉત્તરીય વેનેઝુએલામાં તબાહીના દ્રશ્યો

**મૃત્યુઆંક** 920, હજી 50000 લોકો લાપતા હોવાથી મૃત્યુઆંક વધવાનો ભય

**હજારો** લોકો ઇજાગ્રસ્ત, અડધા કરોડથી વધુ લોકો અસરગ્રસ્ત

લા ગુઆયરા(વેનેઝુએલા), તા. ૨૬: વેનેઝુએલામાં આ અઠવાડિયે આવેલા એકપછી એક (બેક-ટુ-બેક) વિનાશક ભૂકંપના કારણે સર્જાયેલી તબાહીમાં જાનહાનિનો આંકડો સતત વધી રહ્યો છે. શુક્રવારે સત્તાવાળાઓ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, આ કુદરતી આપત્તિમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૯૨૦ લોકોના મોત થયા છે, જ્યારે ૩,૩૬૦ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

કાર્યવાહક પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝે શુક્રવારે વહેલી સવારે સરકારી અને સૈન્ય અધિકારીઓની સાથે આ નવા આંકડાની જાહેરાત કરી હતી, અને સાથે જ વિશ્વભરમાંથી આવી પહોંચેલી બચાવ ટીમોનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું, "અમે ફસાયેલા લોકોને બચાવવા જઈ રહ્યા છીએ. અમે આ કામ માટે અથાક પ્રયાસો કરી રહ્યા છીએ." તેમણે નોંધ્યું કે બુધવારે સાંજે આવેલા ૭.૨ અને ૭.૫ની તીવ્રતાના ભૂકંપથી લા ગુઆયરા રાજ્ય સૌથી વધુ પ્રભાવિત થયું છે, અને ઉમેર્યું કે બચી ગયેલા લોકોની શોધખોળ કરવા તેમજ ખોરાક અને પાણીનું વિતરણ કરવા માટે આ વિસ્તારમાં સેના તૈનાત કરી દેવામાં આવી છે. હજારો લોકો ગુમ હોવાના અહેવાલો અને ચાલી રહેલી સઘન બચાવ કામગીરી વચ્ચે મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. એક અંદાજ પ્રમાણે પચાસ હજાર લોકો લાપતા છે. 'ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન'ના જણાવ્યા અનુસાર, વેનેઝુએલામાં ૬૭.૬ લાખ જેટલા લોકો આ ભૂકંપથી પ્રભાવિત

...અનુસંધાન પાના 8 પર



### એક મહિલા કાટમાળમાંથી જીવતી બહાર નિકળી

એક વીડિયો તે ક્ષણ દર્શાવે છે જ્યારે ગ્રેસિએલા મોરાને લા ગુઆરા શહેરમાં એક ધરાશાયી થયેલી ઇમારતના કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યા હતા, જે શહેરને આપત્તિગ્રસ્ત વિસ્તાર જાહેર કરવામાં આવ્યું છે. આ મહિલા ધૂળથી લથપથ દેખાઈ રહી છે, અને જ્યારે બચાવકર્તાઓ અને સ્વયંસેવકો ખુશીથી બૂમો પાડી રહ્યા છે ત્યારે તેમને સ્ટ્રેચર પર કાટમાળમાંથી બહાર લઈ જવામાં આવી રહ્યા છે. બચાવ્યા બાદ એક રેકોર્ડ કરાયેલા ઇન્ટરવ્યુમાં, મોરાએ વિગતવાર જણાવ્યું કે કેવી રીતે તેઓ એક દરવાજાની ફ્રેમ પકડીને ઉભા હતા જ્યારે 'બધા માળ તૂટી પડ્યા.' તેમણે એ પણ વિગતવાર જણાવ્યું કે કેવી રીતે તેમની બહેનપણીએ તેમનો હાથ પકડી રાખીને જ દમ તોડી દીધો. મોરાને આંગળી ભાંગવા સહિત ઘણી નાની-મોટી ઈજાઓ થઈ છે.

### ભારતે વેનેઝુએલાને મદદ માટે 'ઓપરેશન અમિસ્તાદ' શરૂ કર્યું

**૩૦ ટન** રાહત સામગ્રી, ૬ ટન દવાઓ, તબીબી સાધનો મોકલ્યા

**ભારતીય** સેનાનું ફિલ્ડ હોસ્પિટલ યુનિટ અને તબીબી ટાસ્ક ફોર્સ પણ મોકલ્યા

નવી દિલ્હી, તા. ૨૬: ભૂકંપ પીડિત વેનેઝુએલાને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે ભારત દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન અમિસ્તાદ' અંતર્ગત, શુક્રવારે ભારતીય વાયુસેના (IAF) ના બે C-17 ગ્લોબમાસ્ટર વિમાનો રાહત સામગ્રી અને ૪૧ સભ્યોની બચાવ ટીમ સાથે તે દેશમાં ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યોમાં મદદ કરવા માટે રવાના થયા હતા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "આ મુશ્કેલ સમયમાં ભારત વેનેઝુએલાની સરકાર અને ત્યાંના લોકો સાથે ખભેથી ખભો મિલાવીને ઊભું છે."

વિદેશ મંત્રી એસ. જયશંકરે X (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું કે: ઓપરેશન અમિસ્તાદ શરૂ થઈ ચૂક્યું છે! ભૂકંપ પછીના રાહત કાર્યોમાં તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે ભારતીય વાયુસેનાના બે C17 વિમાનો

...અનુસંધાન પાના 8 પર

### કાટમાળ નીચે બાળકીનો જન્મ થયો

રેસ્ક્યૂ ટીમે ધરાશાયી થયેલી ઈમારતની છત તોડીને એક નવજાત બાળકીને સુરક્ષિત બહાર કાઢી. કાટમાળ નીચે દબાયેલી એક ગર્ભવતી મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. જો કે તેની માતાની સ્થિતિ અંગે પુરી માહિતી મળી શકી નથી.

### રન-વે પર ઉભેલું વિમાન ધ્રુજવા માંડ્યું

એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં ભૂકંપના જોરદાર આંચકાથી રનવે પર ઊભેલું વિમાન ધ્રૂજી ઊઠ્યું, જોતજોતામાં મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. વેનેઝુએલાના સૌથી મોટા એરપોર્ટ પર ઘણુ નુકસાન થયું છે.

## રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયનું રાજીનામું

**ટ્રસ્ટી** અનિલ મિશ્રાનું પણ રાજીનામું, નિર્માણ પ્રભારી ગોપાલ રાવને મંદિર વ્યવસ્થામાંથી દૂર કરાયા

**ચંપત** રાયના રાજીનામા અંગે પોતાને કોઇ માહિતી નહીં હોવાનું જણાવતી વિહિપ



અયોધ્યા, તા. ૨૬: અયોધ્યા રામ મંદિર દાન ગેરરીતિ કેસે દેશભરમાં મોટો વિવાદ પેદા કર્યા અને સમગ્ર રાષ્ટ્રને ચોંકાવી દીધાના દિવસો બાદ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ શુક્રવારે આ બાબતે નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના રાજીનામા સુપરત કરી દીધા છે, તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ ઉપરાંત મંદિરના નિર્માણ પ્રભારી ગોપાલ રાવને મંદિરની વ્યવસ્થામાંથી દૂર કરવામાં આવ્યા હોવાના પણ અહેવાલ છે..

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT)ના પ્રારંભિક તારણો બાદ વધી રહેલી તપાસ વચ્ચે આ રાજીનામા આવ્યા છે. SIT ના અહેવાલો મુજબ, અયોધ્યામાં રામ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવેલા દાનની વ્યવસ્થા અને તેના પર દેખરેખ રાખવામાં ગંભીર બેદરકારીઓ સામે આવી હતી. એક ફરિયાદ બાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ ફરિયાદ ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહન દ્વારા નોંધાવવામાં આવી હતી, જેઓ ભૂતપૂર્વ ટ્રસ્ટી કામેશ્વર ચૌપાલના અવસાન બાદ સપ્ટેમ્બર ૨૦૨૫ માં ટ્રસ્ટમાં જોડાયા હતા.

દરમ્યાન, વિશ્વ હિન્દુ પરિષદ(VHP)એ આજે જણાવ્યું હતું કે, રામ મંદિર માટેના દાનમાં કૌભાંડ અંગે તેના ઉપાધ્યક્ષ ચંપત રાયે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ના મહાસચિવ પદેથી રાજીનામું આપ્યું હોવાની તેમને કોઈ જાણકારી નથી.

વીએચપીના પ્રવક્તા વિનોદ બંસલે આ અહેવાલો નકારતા આ નિવેદન આપ્યું હતું, જે બાદમાં એવી અટકળો

...અનુસંધાન પાના 8 પર

### રામ મંદિર એફઆઇઆર સામે અવિમુક્તેશ્વરાનંદે પ્રશ્ન ઉઠાવ્યો

**નાના** કર્મચારીઓને આરોપી બનાવાયા છે, મોટા લોકોને બચાવી લેવાય છે

**ભાજપનું** હિન્દુત્વ નકલી હોવાનો શંકરાચાર્યનો આક્ષેપ

સંભલ(યુપી), તા. 26(પીટીઆઇ): જ્યોતિર્મઠના સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ શુક્રવારે અયોધ્યામાં રામ મંદિરમાં દાનની કથિત ઉચાપત અંગે નોંધાયેલી FIR (પ્રથમ માહિતી અહેવાલ) સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ મામલે માત્ર નીચલા સ્તરના કર્મચારીઓના જ નામ આપવામાં આવ્યા છે, જ્યારે કથિત મોટી ગેરરીતિ માટે જવાબદાર લોકોને "બચાવી લેવામાં" આવ્યા છે.

પોતાની ચાલી રહેલી 'ગૌ ધર્મ યાત્રા' દરમિયાન સંભલમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું, "દાનની ચોરી વિશે કોઇ શું કહી શકે? રામ મંદિરમાં શરૂઆતથી જ મનસ્વી નિર્ણયો લેવામાં આવ્યા છે. આમાં ન તો શાસ્ત્રો, ન વેદો કે ન તો ધાર્મિક નેતાઓની સલાહનું

...અનુસંધાન પાના 8 પર

## રામ મંદિર દાન વિવાદ: તમામ આઠ આરોપીઓની ધરપકડ

**કોર્ટે** ૨૯મી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા

**ધરપકડ** કરાયેલાઓમાં ચંપત રાયના ડ્રાઇવરનો પણ સમાવેશ

**આરોપીઓ** પાસેથી રૂ. ૭૯.૮૦ લાખની રોકડ રકમ મળી આવી

અયોધ્યા(યુપી), તા. ૨૬: અયોધ્યામાં રામ મંદિર ખાતે મળેલા દાનમાં કથિત ઉચાપત અંગે નોંધાયેલી FIRમાં નામ ધરાવતા આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે, તેમ વરિષ્ઠ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહન વતી નોંધાવવામાં આવેલી FIR, આ આરોપોની તપાસ માટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ(SIT)ના પ્રારંભિક અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોને આધારે કરવામાં આવી છે. અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, FIRમાં નામ ધરાવતા તમામ આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તપાસના ભાગરૂપે તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

એક અધિકારીએ જણાવ્યું કે, FIRમાં જેમના નામ છે - અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ - તેઓ મંદિરમાં દાન તરીકે મળેલા રોકડ અને કિંમતી સામાનની ગણતરીની પ્રક્રિયા સાથે જોડાયેલા હતા. એક વરિષ્ઠ અધિકારીએ અહીં પીટીઆઈને જણાવ્યું કે, "તમામ આરોપીઓ અયોધ્યામાં જ હતા અને ગુરુવારે મોડી રાત્રે તેમને પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. દરમ્યાન, આ તમામ આરોપીઓને આજે અહીંની એક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા અને અદાલતે તેમને ૨૯ જૂન સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા જેમની આ દરમ્યાન પોલીસ પૂછપરછ ચાલુ

...અનુસંધાન પાના 8 પર

## ઓપરેશન સિંદુરમાં શહીદ થયેલા છ જવાનોના નામ સરકારે જાહેર કર્યા

**આ ઓપરેશનના** એક વર્ષ કરતા વધુ સમય પછી પ્રથમ વખત નામોની સત્તાવાર જાહેરાત

**'રોલ ઓફ** ઓનર'માં આ જવાનોના નામ મૂકાતા તેમના મૃત્યુની સત્તાવાર સ્વીકૃતિ

**આમાં** ૧ જવાન હવાઇ દળનો અને ૫ જવાન ભૂમિદળના છે

નવી દિલ્હી, તા. ૨૬: સરકારે પ્રથમ વખત, પાકિસ્તાન અને પાકિસ્તાન શાસિત કાશ્મીર(PoK)માં આતંકવાદી માળખાને નિશાન બનાવીને કરવામાં આવેલા ભારતના લશ્કરી જવાબ–'ઓપરેશન સિંદૂર'– દરમિયાન શહીદ થયેલા ભારતીય સશસ્ત્ર દળોના છ જવાનોની ઓળખ જાહેર કરી છે. આ ઓપરેશન જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ શરૂ કરવામાં આવ્યું હતું.

આ છ સશસ્ત્ર જવાનોના નામ નેશનલ વોર મેમોરિયલ (રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક)ની વેબસાઈટ પર 'રોલ ઓફ ઓનર'માં સામેલ કરવામાં આવ્યા છે અને નવી દિલ્હીમાં નેશનલ વોર મેમોરિયલની 'વોલ 3D' પર ૨૦૨૫ના વિભાગ હેઠળ અંકિત કરવામાં આવ્યા છે, જે દેશની સેવામાં સર્વોચ્ચ બલિદાન આપનારા સંરક્ષણ જવાનોને સમર્પિત છે. જે જવાનોના નામ 'રોલ ઓફ ઓનર'માં સામેલ કરવામાં આવ્યા છે તે છ શહીદ જવાનોના નામ નીચે મુજબ છે: સુબેદાર મેજર પવન કુમાર (ભારતીય ભૂમિદળ), રાઈફલમેન સુનીલ કુમાર, વીર ચક્ર (ભારતીય ભૂમિદળ), લાન્સ નાયક દિનેશ કુમાર (ભારતીય ભૂમિદળ), એવિએશન ટેકનિશિયન મૂડ મુરલીનાઈક (ભારતીય ભૂમિદળ), હવાલદાર સુનીલ કુમાર સિંહ (ભારતીય ભૂમિદળ), સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર, વાયુ સેના મેડલ (ભારતીય વાયુસેના)

'રોલ ઓફ ઓનર'માં તેઓનો સમાવેશ એ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન શહીદ થયેલા જવાનોની ઓળખની પ્રથમ સત્તાવાર જાહેર સ્વીકૃતિ છે. મે ૨૦૨૫માં ચાર દિવસ સુધી ચાલેલા આ સંઘર્ષ દરમિયાન સૈન્ય જાનહાનિના અહેવાલો હોવા છતાં, અત્યાર સુધી સરકારે સત્તાવાર

...અનુસંધાન પાના 8 પર

તા. ૨૬-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૪° સે. | ૨૯.૨° સે. | ૫૮% |

## CCTV આડા ઊભા રહેતા અને ચોરીના રોકડા શૌચાલયમાં છુપાવતા

**ગણતરી** કરનારો સ્ટાફ કેવી રીતે રામલલાના ચરણોમાં આવેલું કરોડોનું દાન ઘરભેગું કરતો હતો

**SITના** વચગાળાના અહેવાલમાં ચોંકાવનારી વિગતો

અયોધ્યાના રામ મંદિરમાં દાન પેટીઓ (હુન્ડી)માંથી કરોડો રૂપિયાની ચોરીના મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના વચગાળાના અહેવાલમાં એવા સનસનાટીભર્યા ખુલાસા થયા છે, જે જાણીને કોઈ પણ દંગ રહી જાય. રામલલાના દાન પર નજર બગાડનાર ગણતરી સ્ટાફે સીસીટીવી કેમેરાથી બચવા અને કડક સુરક્ષા વચ્ચેથી પૈસા બહાર લઈ જવા માટે અત્યંત ચતુર માસ્ટરપ્લાન બનાવ્યો હતો.

આ હાઈ-પ્રોફાઈલ કૌભાંડ બહાર આવ્યા બાદ ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાય અને અનિલ મિશ્રાએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે, જ્યારે ધરપકડ કરાયેલા ૮ આરોપીઓની પૂછપરછ ચાલુ છે.

બેંક ખાતાઓમાં જમા થતી રકમની તપાસ દરમિયાન ટ્રસ્ટના અધિકારીઓને શંકા ગઈ હતી. સામાન્ય રીતે એક દાન પેટીમાંથી ૬ થી ૭ લાખ નીકળતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સપ્તાહથી ૫૦૦ની નોટોના બંડલો ઓછા થઈ રહ્યા હતા. શંકા દ્રઢ થતાં ટ્રસ્ટે નોટોની ગણતરી થાય છે તે રૂમમાં ગુપ્ત કેમેરા ગોઠવી દીધા. આ કેમેરાના ફૂટેજે આખી ટોળકીના પાપ ખુલ્લા પાડી દીધા.

**કેમેરા બ્લોક કરવા:** વીડિયોમાં જોવા મળ્યું કે જ્યારે નોટોની ગણતરી ચાલતી હોય, ત્યારે એક કર્મચારી સત્તાવાર સીસીટીવી કેમેરાની બિલકુલ સામે આવીને ઊભો રહી જતો જેથી કેમેરા કવર થઈ જાય. આ જ સમયે તેનો બીજો સાથી નોટોના બંડલમાંથી આખી થપ્પીઓ ચોરીને પોતાના કપડામાં છુપાવી લેતો હતો.

**બંડલનું ગણિત:** તેઓ બંડલ બનાવતી વખતે તેમાં ગણતરી કરતાં વધુ નોટો નાખી દેતા. વાઉચર બનાવતી વખતે માત્ર બંડલની સંખ્યા ચેક થતી, નોટો નહીં. બાદમાં બેંકમાં મોકલતી વખતે તે વધારાની નોટો કાઢી લેવાતી હતી.

**ટોઈલેટમાં છુપાવાતો મુદ્દામાલ**

ચોરી કરેલી રોકડ રકમને આ નરાધમો શરૂઆતમાં મંદિર પરિસરના શૌચાલયોમાં છુપાવી દેતા હતા. ત્યારબાદ તક મળતાં જ તેને ખૂબ જ ચાલાકીથી મંદિરની બહાર સ્મગલ કરી દેવાતી અને અન્ય સુરક્ષિત સ્થળે વહેંચી લેવાતી હતી.

SITના અહેવાલ મુજબ, આ કૌભાંડ વર્ષ ૨૦૨૪માં મંદિર ખૂલ્યું ત્યારથી જ ચાલતું હતું. માત્ર ૨૭

...અનુસંધાન પાના 8 પર